મુખ્ય સદર-૫૦૫૧-બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇ તળેના પેટા સદર:૦૫- FSH-19 નાના બંદરો ખાતે પૂર્વ જરુરી સવલતો પુરી પાડવી. આયોજન યોજના હેઠળ રાજયના આઠ મત્સ્ય ઉતરાણ કેન્દ્રોને વિકસાવવા માટે રૂા.૧૦૦૦.૦૦ લાખની જોગવાઈને સને ૨૦૧૮-૧૯ માટે નવી બાબત તરીકે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- એફડીવી/૧૩૨૦૧૮/૨૭/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ટ-૧/FSH-19/નવી બાબત/મ.ઉ.કેન્દ્ર/૨૦૧૭-૧૮/૭૬૨, તા.૦૮/૦૧/૨૦૧૮

(૨) મત્સ્યો દ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ટ-૧/FSH-19/નવી બાબત/મ.ઉ.કેન્દ્ર/૨૦૧૭-૧૮/૧૦૦૧, તા.૦૭/૦૩/૨૦૧૮

ઠરાવ:-

૧. વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી માંગણી નં.૦૬ મુખ્ય સદર-૫૦૫૧-બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇ તળેના પેટા સદર:૦૫- FSH-19 નાના બંદરો ખાતે પૂર્વ જરુરી સવલતો પુરી પાડવી, આયોજન યોજના હેઠળ રાજયના આઠ મત્સ્ય ઉતરાણ કેન્દ્રોને વિકસાવવા માટે રૂા.૨૦૦૦.૦૦ લાખની જોગવાઇ સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી બાબતની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની રૂ.૧૦૦૦.૦૦ લાખની સૈધાંતિક મંજૂરી મળેલ છે.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના વાર્ષિક વિકાસ કાર્યક્રમમાં સમાવિષ્ટ કરવા માટેની નવી બાબતોની માંગણી નં.૦૬ મુખ્ય સદર-૫૦૫૧-બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇ તળેના પેટા સદર:૦૫- FSH-19 નાના બંદરો ખાતે પૂર્વ જરુરી સવલતો પુરી પાડવી, આયોજન યોજના હેઠળ રાજયના આઠ મત્સ્ય ઉતરાણ કેન્દ્રોને વિકસાવવા માટે રૂા.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે નવી સેવાની યોજનાને વહીવટી મંજુરી દરખાસ્ત રજુ કરેલ છે.દરિયા કાંઠા પરના નાની મોટી ૨૩૧૫૦ બોટો દ્વારા મત્સ્ય પ્રવુતિ ચાલી રહેલ છે. જેની સામે ફક્ત ૪૭૩૦ બોટો માટે જ મત્સ્ય બંદરીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે.વધુ બોટોને મત્સ્ય બંદરીય સુવિધા મળી રહે તે માટે પ્રથમ તબ્બકે આઠ નવા મત્સ્ય બંદરો વિકસાવવા દરખાસ્ત રજુ કરેલ છે. મત્સ્ય બંદર વિકસાવવા થી માછીમારોને જેટી, ઓકશન હોલ, રસ્તા, પાણી, વીજળી, બરફ વગેરે સગવડતાઓ ઉપલબ્ધ થશે. અને માંછીમારોનું જીવન ધોરણ ઉંચું આવશે.

આ નવી સેવાની યોજના હેઠળ રૂપેણ, હીરાકોટ, ધામલેજ, ઉમરસાડી, ચોરવાડ,સૈયદ રાજપરા અને સરતાનપર મત્સ્ય ઉતરાણ કેન્દ્રો વિકસાવવાના થાય છે.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં માંગણી નં.૦૬ મુખ્ય સદર-૫૦૫૧-બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇ તળેના પેટા સદરઃ૦૫- FSH-19 નાના બંદરો ખાતે પૂર્વ જરુરી સવલતો પુરી પાડવી, આયોજન યોજના હેઠળ રાજ્યના આઠ મત્સ્ય ઉતરાણ કેન્દ્રોને વિકસાવવા માટે રૂ.૧૦૦૦.૦૦ લાખની જોગવાઇ માટે સને ૨૦૧૮-૧૯ માટે નવી બાબતને નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રેહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) બાંધકામના કામોમાં p.w.d. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૧) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનામાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૩) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરવાની રહેશે.

(૧૪) આ કામ માટે અન્ય મંજુરીઓ દા.ત. પર્યાવરણીય, C R Z વગેરે તમામ મંજુરીઓ મેળવ્યા બાદ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

માંગણી નં: ૦૦૬

સેકટર : ગ:આર્થિકસેવાઓ

સબસેકટર : જ:પરિવહનના મૂડી હિસાબ

મુખ્યસદર : ૫૦૫૧- બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇ

ગૌણસદર : ૨૦૦-અન્ય નાના બંદરો

પેટાસદર : ૦૫-FSH-19 નાના બંદરો ખાતે પૂર્વ જરુરી સવલતો પુરી પાડવી

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૧૧/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ